

ચ-૩ સર્કલ પાસે એક મોટરકાર રોડ છોડીને ડિવાઈડર પર ચડી ગઈ હતી. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ધરણાનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર કોંગ્રેસના પ્રમુખ મુકેશભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યના મંત્રી પુરુષોત્તમ સોલંકી દ્વારા આચરેલા રૂપિયા ૪૦૦ કરોડના મત્સ્ય કૌભાંડની સામે મુખ્યમંત્રીનું રાજીનામુ માગવા બાબતે ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ગતરોજ પથિકાશ્રમ સત્યાગ્રહ છાવણીમાં ધરણાનો કાર્યક્રમ યોજાયો હતો.

પથિકાશ્રમ સત્યાગ્રહ છાવણીમાં યોજાયેલા ધરણાના કાર્યક્રમમાં સમિતિના પ્રમુખ મુકેશભાઈ પટેલ, નિશિતભાઈ વ્યાસ, અશ્વિનભાઈ બારોટ, પરેશભાઈ પટેલ, કે.આર. પટેલ, માનાજી મારવાડી, જુગાજી ઠાકોર, તેજાભાઈ દેસાઈ, સેંધાજી ઠાકોર, પ્રતાપજી ઠાકોર, પ્રમુખભાઈ પટેલ, બાબુભાઈ ઠાકોર, ગાભાજી ઠાકોર, અશોક શ્રીમાળી, જીતુભાઈ રાઈકા વગેરે કાર્યકરો કોંગ્રેસના તમામ મહિલા તથા યુવા કાર્યકરો હાજર રહ્યા હતા.

# લોકલ ક્રાઈમ બ્રાન્ચમાં અડાલજ પી.આઈ. એસ.જી. પરમારની નિમણુંક

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર એલ.સી.બી. પી.આઈ.ની થોડા સમયથી ખાલી પડેલી જગ્યાએ નિમણુંક મેળવવા ભલામણોનો દોર શરૂ થઈ ગયો હતો. એલ.સી.બી. પી.આઈ. તરીકે ગણતરીના દિવસો માટે નિમણુંક પામેલા પી.એચ. ચૌધરીની બદલી બાદ જિલ્લા પોલીસ અધિક્ષક શરદ શિંઘલે એલ.સી.બી. પી.આઈ. તરીકે અડાલજ પોલીસમથકના પી.આઈ. એસ.જી. પરમારને નિમણુંક કર્યા છે.

# ઈન્ફોસીટી વિસ્તારના પેન્શનરો હવેથી તેમના વિસ્તારમાં પેન્શન મેળવી શકશે

ગાંધીનગર, તા. ૨૭

ઈન્ફોસીટી આસપાસ રહેતા સેકટર-૧, સેકટર-૫, ૨, સેકટર-૩એ તથા ધોળેશ્વર, સ્વામીનારાયણ મંદિર, ધોળાકુવા વગેરે વિસ્તારમાં રહેતા પેન્શનરની સગવડતા માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા- ઈન્ફોસીટી, બેંક ઓફ બરોડા ઈન્ફોસીટી, બેંક ઓફ ઈન્ડિયા ઈન્ફોસીટીમાં પેન્શનરને ડાયરેકટ પેન્શન આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

જે પેન્શનરો ગાંધીનગર શહેર સ્થિત ઉપરોક્ત બેંકોમાંથી પેન્શન મેળવે છે. અને ઈન્ફોસીટી આસપાસ રહે છે. તેઓને હવે સીટી વિસ્તાર સુધી ધક્કો ખાવો પડશે નહિ. ઈન્ફોસીટી ખાતે આવેલ બેંકોમાં પેન્શન મેળવી શકશે. પેન્શન એકાઉન્ટ પણ અપડેટ કરાવી શકશે. તો પેન્શનરો લાભ લેવા ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના કાર્યકારી પ્રમુખ જયંતભાઈ ભટ્ટએ જણાવેલ છે.

# ગુજરાત રાજય આચાર્ય સંઘની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત રાજય આચાર્ય સંઘના અને સાથે માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, વહીવટી કર્મચારી સંઘના પડતર પ્રશ્નો અંગે માધ્યમિક શિક્ષણ મંત્રી રમણલાલ વોરા અને શિક્ષણ રાજય મંત્રી જયસિંહ ચૌહાણ તેમજ શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે અત્યંત સુમેળભર્યા વાતાવરણમાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

બેઠકમાં સમગ્ર શિક્ષણ જગતને સ્પર્શતા સંઘોને લગતા પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. મંત્રી અને સંબંધીત અધિકારીઓએ તમામ બાબતોનો તલસ્પર્શી અભ્યાસ કરી વહેલામાં વહેલી તકે પૂરો ઉકેલ લાવવા ખાતરી આપી હતી. શિક્ષક સંઘોએ મંત્રી દ્વારા પ્રશ્નો ઉકેલની દિશામાં હકારાત્મક અભિગમ આપ્યો હતો.

# સેકટર-૭/ડીમાં પંડિત દિનદયાલ ઉપાધ્યાયનો જન્મદિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરમાં પંડિત દિનદયાલ ઉપાધ્યાયની જન્મ તારીખ સેકટર-૭ડી વોર્ડ નં.-૯માં વસાહતીઓ મારફતે દબદબા પૂર્વક ઉજવણી કરવામાં આવેલ હતી.

સેકટર-૭ડી શહેરીજન સંસ્થાના પ્રમુખ જયંતિભાઈ ભટ્ટના પ્રમુખ સ્થાને યોજાયેલ હતો. સેકટર-૬સી વસાહત મંડળના પ્રમુખ રાજપુત, સેકટર-૬ના અગ્રણી મહેન્દ્રભાઈ પટેલ, સેકટર-૭ડી આદ્ય શક્તિ સાંસ્કૃતિક મંડળના પ્રમુખ મહેશભાઈ રાવલ તથા સેકટર-૭ડીના વસાહતીઓની વિશાળ હાજરીમાં દીપ-પ્રાગટ્ય કરીને જન્મદિન ઉજવાયો હતો. મહિલાઓની નોધપાત્ર હાજરી જણાતી હતી.

આ પ્રસંગે માધવીબેન, શિવાની, સરોજબેન દેસાઈ, મૌલી ભટ્ટ તથા દિનદયાલ પેટ્રોલીયમ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પંડિત દિનદયાલ ઉપાધ્યાયની જીવન ઝરમરની ઝાંખી તથા યાદગાર પ્રસંગોથી વાકેફ કર્યા હતા. લાફીંગ કલબના કાન્તીભાઈ પટેલે આભાર દર્શન કરેલ હતું. કાર્યક્રમને સફળ બનાવવા નવયુવાનો સંજયભાઈ ભટ્ટ, ભરતભાઈ દેસાઈ, જિજ્ઞેશભાઈ શાહ, કીર્તન ભટ્ટ અને ઋજિત રાવલે મહેનત કરી હતી.

# તંદુરસ્ત અને પ્રસન્ન જીવન શૈલી પર ૩૦મીએ વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

લાફીંગ કલબ ગાંધીનગર અને તેજ આઈ સેન્ટર દ્વારા 'તંદુરસ્ત અને પ્રસન્ન જીવન શૈલી' વિષય પર તા. ૩૦મી સપ્ટેમ્બરના રોજ સ્ટાફ ટ્રેનિંગ કોલેજમાં સવારે ૧૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન નિઃશુલ્ક વ્યાખ્યાન યોજવામાં આવશે.

તંદુરસ્ત અને પ્રસન્ન જીવન શૈલી પર યોજાનાર વ્યાખ્યાનમાં ગુજરાતની ૩૦૦ થઈ પણ વધુ લાફીંગ કલબનું સંચાલન કરતાં ડૉ. મુકુંદ મહેતા 'જનરલ હેલ્થકેર' અંગે માહિતી આપશે. આંખના રોગના નિષ્ણાંત ડૉ.તેજલ દલાલ 'આંખની જાળવણી' વિષય પર માહિતીસભર પ્રેઝન્ટેશન રજૂ કરશે. આ અંગે તેજ આઈ સેન્ટરનાં વ્યવસ્થાપક વાગ્મિન પંડ્યાએ જણાવ્યું છે કે, નગરના સર્વેજનો માટે યોજાનાર કાર્યક્રમમાં પ્રશ્નોત્તરી પણ યોજવામાં આવશે.

# ગાંધીનગરમાં વોડાફોનના કર્મચારીઓના વર્તન સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૨૭

મોબાઈલ ફોન દિન-પ્રતિદિન વપરાશ વધતો ગયો છે તેમ મોબાઈલ કંપનીઓ પણ વિવિધ યોજનાઓ બનાવી આમ-આદમીને છેતરી રહ્યા છે. વિશેષમાં આ મોબાઈલ કંપનીના કર્મચારીઓ પણ જનતાની મશ્કરી કરી રહ્યા છે.

ગાંધીનગરના જાગૃત મહિલા પ્રૌઢ હચ વોડાફોનનો મોબાઈલ નંબર ધરાવે છે. ૨૦૦૬થી આ કંપનીનો જ નંબરનો વપરાશ કરે છે. તાજેતરમાં એક લોભામણી જાહેરાત પ્રમાણે રૂા. ૫૦૦નો રીચાર્જ કરાવેલ હતો. હવે તકલીફ એ થવાની શરૂ થઈ છે. આવતા મોબાઈલની વાતચીતના પણ ચાર્જ કાપવામાં આવે છે. જાગૃત મહિલાએ મોબાઈલમાં વાતચીતનો જે ચાર્જ કપાયેલ છે. તેની માહિતી પ્રિન્ટ કરાવી દીધી છે. જે આજે પ્રેસ ઉપર રૂબરૂમાં બતાવેલ હતી.

આમ વિવિધ કંપનીઓ જુદીજુદી યોજનાઓ બનાવી આમ આદમીને ચકરાવે ચઢાવી દે છે. જ્યારે વૃદ્ધ મહિલા દ્વારા સમક્ષ કરનાર છે. તો સત્વરે વોડાફોન કંપની આ બાબતે જરૂરી માર્ગદર્શન ગ્રાહકોને આપવું એવી પ્રબળ રજૂઆત માંગણી છે.

# મૃત ઢોરના નિકાલની યોગ્ય વ્યવસ્થા ગોઠવવા પ્રબળ માગ

## મૃત શ્વાન અને વાનરો ઉપાડવા કોઈ આવતું નથી : રહીશોનો આક્રોશ

ગાંધીનગર, તા.૨૬

શહેરમાં દાયકાઓના અંતે પણ હજુ મૃત ઢોરના નિકાલની યોગ્ય વ્યવસ્થા ગોઠવાઈ નથી. અલબત્ત મૃત વાનરો અને શ્વાનના કિસ્સામાં કોઈતંત્ર જવાબદારી લેવા તૈયાર ન થતા સ્થાનિક રહીશોમાં આક્રોશ પ્રવર્ત્યો છે. કોર્પોરેશન હસ્તક કોન્ટ્રાકટ ધરાવતી સંસ્થા પણ હાથ ઉંચા કરી એકબીજાને ખો આપવાની નીતિ અપનાવવા મૃત ઢોરના નિકાલની વ્યવસ્થા પૂર્ણ રીતે જળવાતી નથી.

નિર્મળ નગરની સોહામણી વાતો વચ્ચે પણ સેકટરોમાં ગંદકીના ઢગ સ્થાનિક રહીશો માટે અનેક સમસ્યાનું કારણ બન્યા છે. સ્વચ્છતાના મામલે દાયકાઓના અંતે પણ અસરકારક વ્યવસ્થા ગોઠવી શકાઈ નથી. આવા સંજોગોમાં ઘરઆંગણે સબડતા મૃતઢોરના નિકાલની વ્યવસ્થામાં પણ પૂર્ણતા ન જળવાતા સેકટરવાસીઓમાં આક્રોશ પ્રર્વત્યો છે. કોર્પોરેશન હસ્તકની આ કામગીરી અન્વયે પેથાપુર સ્થિત સહકારી મંડળીને આ જવાબદારી સોંપવામાં આવી છે. ત્યારે મૃત ઢોરના નિકાલની વ્યાખ્યામાં મૃત વાનરો અને શ્વાનના મામલે રજૂઆતના અંતે પણ કોઈ કાર્યવાહી થતી ન હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. જેના પરિણામે સેકટરના કેટલાક રહીશોને જાતે જ મૃત વાનરની દફનવિધિ કરવાની ફરજ પડી હતી. સંબંધિત તંત્ર સમક્ષ રજૂઆત કર્યા બાદ પણ કોઈ પગલા ન લેવાતા આ મામલે કોર્પોરેશન કક્ષાએથી યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તેવી પ્રબળ માંગ પ્રવર્તી છે. સેકટરની શેરીઓમાં બનતા આવા કિસ્સા દરમિયાન આમ નાગરિકોની રજૂઆતને ખૉ અપાતા રહીશોએ મુંઝવણમાં મુકાવાનો વારો આવે છે.

# રાંધેજાના અવાવરૂ કૂવામાંથી યુવાનનો મૃતદેહ મળતાં ચકચાર

## કૂવામાં કચરો ફેંકવા ગયેલા શ્રમિકને તરતો મૃતદેહ દેખાયો હતો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર નજીક રાંધેજા ગામની સીમમાં એક જુના અવાવરૂ કૂવામાંથી અજાણ્યા યુવાનનો મૃતદજેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. કૂવાના માલીકને આ અંગે જાણ થતા તેણે પોલીસને બોલાવી લીધી હતી. પોલીસે મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતાં મૃતક રાંધેજાનો અસ્થિર મગજનો ૨૫ વર્ષિય યુવાન હોવાનું બહાર આવ્યું છે. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસનો દોર શરૂ કર્યો છે.

રાંધેજા ગામની સીમમાં પટેલ વાસુદેવ ચંદુભાઈના ખેતરે બોરકુવા પાસે તેનો ભાગીયો આજે સવારે ગયો હતો અને ત્યાં સ્થિત માતાજીની ડેરીની સાફ સફાઈ કરીને કચરો અવાવરૂ કૂવામાં ફેંકવા ગયો હતો. ત્યાં અવાવરૂ કૂવામાં એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ દેખાતા તાત્કાલિક ખેતર માલીક વાસુદેવ પટેલને બોલાવી લીધા હતા. આ અંગે પોલીસને જાણ કરતાં પેથાપુર પોલીસમથકના એએસઆઈ લક્ષ્મણભાઈ બનાવ સ્થળે દોડી આવ્યા હતા અને તપાસ કરતાં આ મૃતદેહ રાંધેજામાં જ રહેતા અસ્થિર મગજના ૨૫ વર્ષિય યુવાન જયંતીજી લાખાજી ઠાકોરનો હોવાનું બહાર આવ્યું હતું. મૃતદેહ ત્રણેક દિવસ જૂનો હોવાનું પોલીસે જણાવ્યું છે. અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી સઘન તપાસ શરૂ કરી છે.

# શહેરમાં આજે માર્ગ સલામતી જનજાગૃતિ અન્વયે કાર્યક્રમ

## વિદ્યાર્થીઓ માર્ગ સલામતી સંદર્ભે સૂત્રોચ્ચાર કરશે : આઈ.જી. અને એસપી. વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે

ગાંધીનગર, તા.૨૭

શહેરમાં દિનપ્રતિદીન પૈડા પરની જિંદગી જોખમી બની રહી છે. ડગલેને પગલે માર્ગ સલામતીના અભાવ વચ્ચે રોજબરોજ અકસ્માતો વધી રહ્યા છે ત્યારે માર્ગ સલામતી અંગે જનજાગૃતિ કેળવવા શહેરમાં આજે સવારે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા આજે બેનર અને સૂત્રોચ્ચારના માધ્યમથી નગરજનોમાં જાગૃતિ કેળવવા પ્રયાસ કરશે. બી.એડ. કોલેજના વિદ્યાર્થીઓને પણ આઈ.જી. દ્વારા જરુરી માર્ગદર્શન પુરું પાડવામાં આવશે.

શહેરીજનોમાં માર્ગ સલામતી અંગે જનજાગૃતિ કેળવાય તેવા આશયથી શહેર વસાહત મહામંડળ, ટ્રાફિક પોલીસ તેમજ ટ્રાફિક બ્રિગેડ દ્વારા માર્ગ સલામતી અંગે જનજાગૃતિ કેળવવા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બુચે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે જનજાગૃતિ અભિયાન અન્વયે તા. ૨૮ સપ્ટેમ્બરના રોજ સે-૨૩ સ્થિત કડી કેમ્પસના વિદ્યાર્થીઓ દ્વારા સવારે ૯.૩૦ કલાકે ઘ-૫ થી ઘ-૬ના રૂટ પર માર્ગ સલામતી અંગે અવેર કરતા બેનરો સાથે સૂત્રોચ્ચાર કરવામાં આવશે. ત્યારબાદ સવારે ૧૦.૧૫ કલાકે કડી કેમ્પસ સ્થિત બી.એડ. કોલેજના વિદ્યાર્થીઓને માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળો સંદર્ભે જરુરી માર્ગદર્શન આપવામાં આવશે. આ તબક્કે આઈ.જી. શમશેર સિંગ જિલ્લા પોલીસ વડા શરદ સિંઘવ તેમજ ટ્રાન્સપોર્ટ કમિશનર દ્વારા વિદ્યાર્થીઓ સાથે પરામર્શ કરવામાં આવશે.

# અંબાજી જતા પદયાત્રીકો માટે ભાજપ ગાંધીનગર મહાનગરે પાંચ દિવસ સેવા કેન્દ્ર ચલાવ્યું

ગાંધીનગર, તા. ૨૭

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગર દ્વારા અંબાજી જતા પદયાત્રિકો માટે સેવાકેન્દ્રનું શિશુ મંદિર સ્કૂલ, સેક્ટર-૧૭ પાસે તા. ૨૦મી સપ્ટેમ્બરથી ૨૫મી સપ્ટેમ્બર દરમિયાન આયોજન કરવામાં આવ્યું હતું.

અંબાજી જતાં પદયાત્રીઓ માટે પાંચ દિવસ દરમિયાન જમવા, ચા, પાણી તથા નાસ્તાની અને આરામ કરવા માટેની સુંદર સવલત ઉભી કરવામાં આવી હતી. પક્ષના હોદ્દેદારો, કાર્યકર્તાઓએ વોર્ડ દીઠ રોજે-રોજ સેવા કેન્દ્ર ખાતે હાજર રહી વ્યવસ્થા જાળવવામાં મદદ કરી હતી. સેવા કેન્દ્રના મંત્રી જયસિંહ ચૌહાણ, પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણિયા, ગાંધીનગર જિલ્લાનાં ઈન્ચાર્જ કે.સી. પટેલ, બક્ષીપંચ મોરચાના પ્રદેશ અધ્યક્ષ ભગવાનદાસ પંચાલ, ધારાસભ્ય શંભુજી ઠાકોર, ભરતભાઈ પંડ્યા, ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના અધ્યક્ષ વાડીભાઈ પટેલ, અતિ પછાત જાતિ વિકાસ નિગમના અધ્યક્ષ પૂનમભાઈ મકવાણા, વિપક્ષના નેતા મનુભાઈ પટેલ વગેરે મહાનુભાવોએ મુલાકાત લીધી હતી. તા. ૨૪ અને ૨૫ દરમિયાન રોજ રાત્રે સેવાકેન્દ્ર ખાતે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૫મીએ સાંજે સ્વ. પંડિત દીનદયાળજી ઉપાધ્યાયની જન્મ જયંતિ નિમિત્તે વાડીભાઈ પટેલ તથા કે.સી. પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યા હતા તથા ઉપસ્થિત સૌએ જન્મ જયંતિ પ્રસંગે દેશભક્તિ ગીતોનું ગાન કર્યું હતું. સેવાકેન્દ્રને સફળ બનાવવા યુવા મોરચાનાં પદાધિકારીઓ તથા તેમની સમગ્ર ટીમે દિવસ રાત જહેમત ઉઠાવી હતી.

# દિગંબર જૈન દેરાસર, સેક્ટર-૨૧માં પર્યુષણ પર્વની ભાવસભર ઉજવણી



સન્ની વિપુલકુમાર શાહ



અસિત નિતીનકુમાર શાહ



કિલ્પા પંકજભાઈ શાહ



રીપલ મુકેશકુમાર શાહ



સુધાબેન નલિનભાઈ શાહ



પ્રફુલ્લાબેન જીતેન્દ્રકુમાર શાહ

ચારેબાજુથી આત્મામાં રહેવાવાળા પાપકર્મોને તપાવવા એટલે કે તેનો નાશ કરવો તેનું નામ પર્યુષણ. પર્યુષણ એક આધ્યાત્મક મહાપર્વ છે જે વૈચારિક પ્રદૂષણથી મુક્તિ અપાવે છે. હાલમાં સેક્ટર-૨૧ દિગંબર જૈન સમાજ દેરાસર ખાતે પર્યુષણની ભાવસભર ઉજવણી થઈ રહી છે. જે અંતર્ગત દિગંબર જૈન સમાજના શ્રાવકોએ આકરી તપસ્યા આદરી છે. છ જેટલા શ્રાવકોએ દસ દિવસના ખુબ આકરા ગણાતા ઉપવાસ કર્યા છે. સન્ની વિપુલકુમાર શાહ, અસિત નિતીનકુમાર શાહ, કિલ્પા પંકજભાઈ શાહ, રીપલ મુકેશકુમાર શાહ, સુધાબેન નલિનભાઈ શાહ અને પ્રફુલ્લાબેન જીતેન્દ્ર કુમાર શાહે દસ દિવસના ઉપવાસ કર્યા છે. આ ઉપરાંત સુરેશકુમાર દોશી, સાધનાબેન દોશી, રીટાબેન શાહ, અમીષા શાહ, ઉર્વશી શાહ તથા આનંદીબેન કોટડીયાએ સોલહકારણ વ્રતની તથા નિતીનકુમાર શાહ, સુનીલકુમાર શાહ, હેતલ શાહ, સંગીતા શાહ, અરૂણાબેન શાહ, મંજુલાબેન શાહ, અરવિંદકુમાર શાહ, નીતિકાબેન શાહ, અરૂણકુમાર ગાંધી અને જિજ્ઞાબેન કોટડિયાએ દસ લક્ષણી વ્રતની આરાધના કરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૧

સૂર્યાસ્ત : ૬.૩૨

## તાપમાન

મહત્તમ : ૩૪.૦ ડિ.સે. લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૭ ટકા ● સાંજે ૫૯ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

રેસીડેન્ટ ઈવીલ (હિન્દી) : ૧૦.૩૦, ૫.૩૦

કમાલ ધમાલ માલામાલ : ૧૨.૦૦, ૨.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

રેસીડેન્ટ ઈવીલ (હિન્દી) : ૧૨.૦૦, ૨.૦૦, ૭.૪૫

હિરોઈન : ૩.૪૫

ઓહ ! માય ગૉડ : ૯.૩૦

: સ્ક્રીન-૪ :

કમાલ ધમાલ માલામાલ : ૧૦.૦૦

બર્ફી : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦

હિરોઈન : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ઓહ ! માય ગૉડ : ૯.૦૦, ૬.૦૦, ૧૦.૩૦

રેસીડેન્ટ ઈવીલ ૫: રેટ્રીબ્યુશન ૩ડી(હિન્દી) : ૧૧.૩૦, ૪.૧૫, ૮.૩૦

: સ્ક્રીન-૨ :

ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

: સ્ક્રીન-૩ :

કમાલ ધમાલ માલામાલ : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૪ :

બર્ફી : ૧૦.૪૫, ૧.૪૫, ૪.૩૦

હિરોઈન : ૭.૧૫

કમાલ ધમાલ માલામાલ : ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

કમાલ ધમાલ માલામાલ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ઓહ ! માય ગૉડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

કમાલ ધમાલ માલામાલ: ૧૦.૩૦, ૧૦.૩૦

ઓહ ! માય ગૉડ : ૧.૩૦, ૪.૧૫, ૭.૩૦

: સ્ક્રીન-૨ :

ઓહ ! માય ગૉડ : ૧૦.૪૫, ૧૦.૧૫

કમાલ ધમાલ માલામાલ: ૨.૦૦, ૪.૩૦, ૭.૧૫

: સ્ક્રીન-૩ :

હિરોઈન : ૧૦.૩૦, ૪.૦૦, ૧૦.૦૦

બર્ફી : ૧.૧૫, ૭.૦૦

### ચિરાગ, કલોલ

કમાલ ધમાલ માલામાલ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- ગુજરાત રાજય સરકારી સંઘ અમદાવાદ દ્વારા સંમેલન સવારે ૯.૦૦ કલાકે.

### ધાર્મિક

- ગણેશ મહોત્સવ નિમિતે ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવ ભુવનેશ્વર મંદિર, સેકટર-૬/ડી, ખાતે રમતોત્સવ તથા રાત્રે ૯.૦૦ કલાકે, રાસ- ગરબાનો કાર્યક્રમ.

## આપની આજ

**મેષ** : વ્યવસાયિક પ્રતિસ્પર્ધામાં તમે વિજય મેળવી શકો છો. માલ-મિલકતની બાબકો ઉકેલાશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે.

**વૃષભ** : વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. પ્રયત્નોમાં અસફળતાથી નિરાશાત્મક વિચારોમાં વૃદ્ધિ થઈ શકે છે.

**મિથુન** : સામાજિક સમ્માનની પ્રાપ્ત થશે. આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે.

**કર્ક** : વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ અપેક્ષિત છે. મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે.

**સિંહ** : આમોદ- પ્રમાદના અવસર આવશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે.

**કન્યા** : આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. હમણાં સુધારામાં સમય લાગશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે.

**તુલા** : કાર્ય કરવાની સ્થિતિમાં સુધારા કરવું જરૂરી છે. વ્યાપાર અથવા આજીવિકામાં સમસ્યા આવી શકે છે. બીજાના કાર્યોમાં બીનજરૂરી હસ્તક્ષેપ ન કરો.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે.

**ધન** : મકાન સંબંધી સમસ્યાઓમાં સમાધાન થઈ શકે છે. ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે.

**મકર** : લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય.

**કુંભ** : ભૌતિક સુખમાં વધારો થઈ શકે છે. સંપર્ક ક્ષેત્ર વિસ્તૃત કરો. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે.

**મીન** : સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. માતા-પિતાના આરોગ્યની ચિંતા રહેશે. ધર્મ- કર્મમાં ખર્ચ થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. રાજારામ સંપત ભોદડે (ઉ.વ.૯૫) પ્લોટ નં. ૧૦૬૦, સેકટર-૨/ડી, ગાંધીનગર.
- સ્વ. સમુબેન બાબુલાલ પટેલ (ઉ.વ. ૭૦) મુ.પો. રાધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. નાથાલાલ પ્રભુદાસ પટેલ (ઉ.વ. ૯૧) મુ.પો. રાધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કાન્તીભાઈ છગનલાલ ભટ્ટ (ઉ.વ. ૬૪) મુ.પો. ધમાસણ, તા. કલોલ, જિ. ગાંધીનગર.